# દિવ્યાંગ વ્યક્તિઓ માટે સહાયક સાધનો કે સામગ્રીની ખરીદી કે ફીટીંગ માટે સહાયની યોજના

# (ADIP SCHEME)

( ૧ લી એપ્રિલ ૨૦૧૪ થી અમલમાં)

ભારત સરકાર, સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય શાસ્ત્રીભવન, નવી દિલ્હી

## ૧.૦ પરિચય.

ભારત સરકારના એ સતત પ્રયાસો રહેલા છે કે દિવ્યાંગ વ્યક્તિઓ માટે તેમના સામાજીક, આર્થિક અને વ્યસાયિક પુનઃસ્થાપનના આવશ્યક હોય તેવી સાધન સામગ્રી તેમને ઓછામાં ઓછા મુલ્યે ઉપલબ્ધ કરવી વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર દેશમાં કુલ દિવ્યાંગ વ્યક્તિઓની સંખ્યા ૨.૬૮ કરોડ છે વધારામાં ૧૪ વર્ષથી નીચેની ઉંમરના બાળકો પૈકી લગભગ ૩ ટકા બાળકો વિલંબીત વિકાસની સમસ્યાનો ભોગ બનેલ છે તેમાંના કેટલાક માનસીક રીતે પછાત અને સેલીબર પાલ્સીનો ભોગ બનેલ છે અને તેમને સ્વસહાય માટે તેમજ સ્વતંત્ર જીવન જીવવા માટે આવા સાધન સામગ્રીની જરુર પડે છે અધ્યતન ટેકનોલોજીના ઉપયોગથી દિવ્યાંગતાની અસરો ઓછી કરી શકાય તેવા અને દિવ્યાંગ વ્યક્તિની આર્થિક સમતામાં સુધારો લાવે તેવા અનેક સાધનો શોધાયા છે પરંતુ દિવ્યાંગો પૈકીની મોટા ભાગની વ્યક્તિઓ નીચલા આર્થિક જુથમાં રહેલા છે અને તેઓ આવા સાધનોથી વંચિત રહી ગયેલ છે કારણ કે તે મેળવવા માટે તેમની પાસે નાણા ભંડોળ નથી અને તેથી તેઓ ગૌરવપૂર્ણ સ્વતંત્ર જીવનથી પણ વંચિત રહી ગયા છે.

**૧.૦૧** દિવ્યાંગ વ્યક્તિઓને સક્ષમ અને સશક્ત બનાવવાની સરકારની પ્રતિબદ્ધતાના સંદર્ભમાં એડીઆઇપી યોજનામાં એવી રીતે ફેરફારો સાથે ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે કે જેથી તે વધુ ઉપયોગ લક્ષી બની રહે અને જરુરીયાતમંદ માત્ર નાણાંના અભાવે તે સાધન સામગ્રીના ઉપયોગથી વંચિત ન રહે. તેમજ ચકાસણી અને સંતુલા માટેની પારદર્શિત વ્યવસ્થા જળવાય.

## ૨.૦૧ ઉદ્દેશ

યોજનાના મુખ્ય ઉદ્દેશ જરુરીયાતમંદ દિવ્યાંગ વ્યક્તિઓને મજબુત, અધ્યતન, વૈજ્ઞાનિક રીતે તૈયાર થયેલ આધુનિક ધોરણસરના સાધનસામગ્રી મેળવવામાં સહાયભૂત બનવાનો છે જેથી દિવ્યાંગ વ્યક્તિઓની દિવ્યાંગતાની અસરોમાં ઘટાડો થાય અને તેમના ભૌતિક, સામાજીક અને મનોવૈજ્ઞાનિક પૂનઃસ્થાપનને પ્રોત્સાહન મળી રહે તેમજ તેમની આર્થિક સમતા સુધરે. દિવ્યાંગ વ્યક્તિઓને આવી સહાયક સાધન સામગ્રી એ

હેતુથી ઉપલબ્ધ કરવામાં આવે છે કે તેઓને સ્વતંત્ર કાર્યતંત્રને વેગ મળે. દિવ્યાંગતાની માત્રામાં ઘટાડો થાય અને વધુ દિવ્યાંગતા આવતી અટકાવી શકાય. આ યોજનાની ઉપલબ્ધ કરાતી સાધન સામગ્રી યોગ્ય રીતે પ્રમાણિત થયેલી હોવી જોઇએ.

## ૩.૦ વ્યાખ્યાઓ

જુદા જુદા પ્રકારની દિવ્યાંગતાની વ્યાખ્યામાં દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે સમાન તકો, હકોની સુરક્ષા અને સંપૂર્ણ ભાગીદારી અધિનિયમ,૧૯૯૫ અને નેશનલ ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૯૯માં આપેલી છે.

## ૪.૦ વ્યાપ

આ યોજનાનો અમલ ફકરા -૫માં સુચિત કરેલી અમલીકરણની સંસ્થાઓ દ્વારા કરવામાં આવશે. આ સંસ્થાઓને એવી સાધનસામગ્રી ખરીદવા, બનાવવા કે વિતરણ કરવા સહાય કરવામાં આવશે જે આ યોજનાના ઉદ્દેશો સાથે સુમેળ ધરાવતી હોય, યોજના નીચે વિતરણ કરાતી સાધનસામગ્રીના ફીટીંગમાં તેમજ ફીટીંગ પદોની સંભાળમાં કાળજી લેવા અને અમલીકરણ કરતી સંસ્થાઓ યોગ્ય વ્યવસ્થા કરશે. ઉપરાંત આ સંસ્થાઓ દિવ્યાંગોને સાધન સામગ્રીના વિતરણ માટે વ્યાપક પ્રસિદ્ધી આપશે. આ ઉપરાંત શિબીર યોજના પહેલા તેઓ ઓછામાં ઓછુ એક અઠવાડીયા પહેલા શિબીરના સ્થાન અને તારીખની જાણ જીલ્લા કલેક્ટરને, તાલુકા વિકાસ અધિકારીને, સ્થાનિક જાહેર પ્રતિનીધીને, રાજય સરકારને તેમજ સમાજ સુરક્ષા ખાતાને કરશે. શિબીરો યોજાયા પછી તેઓ રાજ્ય સરકારને તેમજ દિવ્યાંગતા સંબંધિત વિભાગને લાભાર્થીઓની યાદી, તેમને આપવામાં આવેલ સાધન સામગ્રીની વિગતો અને તે અંગેનું ખર્ચ વિગેરે વિગતો ઉપલબ્ધ કરશે. લાભાર્થીઓની યાદી અમલીકરણ કરતી સંસ્થાની વેબસાઇટ ઉપર ધ્યાનાકર્શિતરુપે રજુ કરવાની રહેશે.

૪.૦૧ આ યોજનામાં આવશ્યક તબીબી રીતે સર્જીકલ સુધારા અને દરમ્યાનગીરી તેમજ નીચેના ધારાધોરણ અનુસાર આ સાધન સામગ્રીના ફીટીંગ પૂર્વેની વિગતો સમાવિષ્ટ છે.

૧. શ્રવણમંદ તેમજ વાચાક્ષતિવાળાઓ માટે રૂ.૫૦૦ થી રૂ.૧૦૦૦

૨.દ્રષ્ટિહીન માટે રૂ.૧૦૦૦ થી રૂ.૨૦૦૦

૩. અસ્થિર વિષયક દિવ્યાંગાઓ માટે રૂ.૩૦૦૦ થી રૂ.૫૦૦૦

## ૫.૦ યોજના અંતગર્ત અમલીકરણ સંસ્થા માટેની પાત્રતા

સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હેઠળના દિવ્યાંગતા બાબતોના વિભાગ વતી આ યોજનાનો અમલ કરવા માટે નીચેની સંસ્થાઓ પાત્રતા ધરાવે છે તેમજ તે હેતુ માટે તેમને શરતો અને બોલીઓનું પાલન કરવુ જરુરી છે

૧. મંડળીઓની નોંધણી અધિનિયમ, ૧૮૬૦ નીચે નોંધાયેલી સંસ્થાઓ અથવા અલગ રીતે નોંધાયેલી તેની શાખાઓ

૨. નોંધાયેલ સખાવતી ટ્રસ્ટો

૩. ભારતીય રેડક્રોસ સોસાયટી તેમજ જીલ્લા કલેક્ટર /મુખ્ય કારાબોરી અધિકારી/જીલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને રહેલી સ્વાયત સંસ્થાઓ

૪. રાષ્ટ્રીય /સર્વોચ્ચ સંસ્થાઓ /સીઆરસીએસ/આરસીએસ/ડીડીઆરસીએસ, નેશનલ ટ્રસ્ટો, સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય /આરોગ્ય અને પરિવાર મંત્રાલયના વહીવટી નિયંત્રણો હેઠળના ALIMCO.

૫. રાષ્ટ્રીય રાજ્ય,દિવ્યાંગ વિકાસ કોર્પોરેશન તેમજ ખાતાની ક્ષેત્રની કલમ ૨૫ હેઠળની કંપનીઓ

૬. સ્થાનિક સત્તાતંત્રો /જીલ્લા પંચાયત /નગર પાલિકાઓ /જીલ્લા સ્વાયત કાઉન્સેલીંગો/પંચાયતો વિગેરે

૭. હોસ્પીટલો- જે રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારની ભલામણ અનુસાર અલગ પ્રકારે નોંધાયેલી હોય

૮. નહેરુ યુવક કેન્દ્રો

૯. સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના દિવ્યાંગતા બાબતોના વિભાગ દ્વારા યોગ્ય લાગે આવે તેવી સંસ્થાઓ

<u>૫.૦૧</u> સાધન સામગ્રીના વ્યાપારી હેતુસરના ઉત્પાદન કે પૂરવઠા માટે આ યોજના નીચે ગ્રાન્ટ મળવાપાત્ર નથી.

<u>૫.૦૨</u> નવી અમલીકરણ સંસ્થાઓ મંજુર કરતી વખતે આવી સંસ્થાઓને પસંદગી આપવામાં આવશે.

1. આરસીઆઇ દ્વારા માન્ય કરાયેલ અભ્યાસક્રમની લાયકાત ધરાવતા વ્યવસાયિકોને ટેકનીકલ નિષ્ણાંતો તરીકે કૃત્રિમ સાધન સામગ્રીની ઓળખ અને પ્રીસ્ક્રીપશન માટે તેમજ લાભાર્થીઓ તેમજ સાધન સામગ્રીના ફીટીંગ અને ફીટીંગ પછીની પ્રક્રિયા માટે તેમને તજજ્ઞતાનો ઉપયોગ કરવામાં આવતો હોય.
2. એડીઆઇપી યોજના નીચે જે દિવ્યાંગ વ્યક્તિઓને કૃત્રિમ સાધન કે સામગ્રી આપવાની છે તેની રચના ફીટીંગ અને નિભાવવા માટે મશીનરી કે સાધન સામગ્રી સ્વરુપે જેઓ માળખાકીય સુવિધાઓ ધરાવતા હોય અને ભવિષ્યમાં તેઓ આઇએસઆઇ અને આઇએસઓ પ્રમાણપત્ર ધરાવતી કક્ષાના સાધન સામગ્રી બનાવવાની ક્ષમતા ધરાવતા હોય.

## ૬.00 લાભાર્થીઓની પાત્રતા

એડીઆઇપી યોજના અંતગર્ત સહાય મેળવવા માટે નીચેની દિવ્યાંગ વ્યક્તિઓ પાત્રતા ધરાવે છે.

૧. કોઇ પણ ઉંમરના ભારતીય નાગરીક

૨. જે ૪૦ ટકા દિવ્યાંગતા હોવાનું પ્રમાણપત્ર ધરાવતા હોય.

૩. તમામ સાધનોમાંથી જેની માસીક આવક રૂ.૨૦,000થી વધુ ન હોય

૪. જો તે આશ્રીત હોય તો તેમના માતા પિતાની માસીક આવક રૂ.૨૦,000થી વધુ ન હોય

૫. જેમને કોઇ પણ ઠેકાણેથી આ હેતુ માટે છેલ્લા ૩ વર્ષ થી કોઇ સહાય મેળવી નથી જો કે ૧૨ વર્ષથી નાની ઉંમરના બાળકો માટે આ સમયમર્યાદા ૧ વર્ષની છે.

નોંધ – સંસ્થાઓમાં, અનાથ આશ્રમોમાં રહેતા લાભાર્થીઓ માટે જીલ્લા કલેક્ટર અથવા સંબંધિત સંસ્થાના વડાએ આપેલ આવક અંગેનું પ્રમાણપત્ર માન્ય ગણાશે આવા લાભાર્થીઓને આ યોજના નીચે એએલઆઇએમસીઓ મારફતે સાધનસામગ્રી આપવામાં આવશે.

## ૭.0 સહાયની રકમ

૧. રૂ.૧૦,000 અંદરની કિંમતની સાધનસામગ્રી માટે

આ યોજના નીચે માત્ર એક જ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને રૂ.૧0000થી વધારે નહી તેટલી કિમંતની સાધન સામગ્રી મળવાપાત્ર છે જો કે ધોરણ ૯થી ઉપર અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે આ મર્યાદા રૂ.૧૨000ની છે બહુ વિધ દિવ્યાંગતા ધરાવતા કિસ્સામાં જો એક કરતા વધારે સાધન સામગ્રીની જરૂરીયાત પડે તો તેવી દરેક આઇટમ માટે ઉપલી મર્યાદા લાગુ પડશે.

૨. શારિરીક કે માનસીક તેમજ બહુવિધ દિવ્યાંગતા ધરાવતી તમામ પ્રકારની દિવ્યાંગ વ્યક્તિઓને આધુનીક સહાયક સામગ્રી જેમ કે ડેઇઝીબુક પ્લેયર્સ, શ્રાવ્ય સાધન સામગ્રી, નેટબુક, લેપટોપ, ડીજીટલ મંત્રની ફાયર( અંધવ્યક્તિઓ માટે) તેમજ બધીર વ્યક્તિઓ માટે કાનની પાછળ પહેરવાનું યંત્ર વિગેરે સાધન સામગ્રીની આઇટમો મંત્રાલયની મંજુરીથી દિવ્યાંગતા સંબંધિત વિભાગે રચેલી તજજ્ઞોની સમતિ નક્કી કરશે દરેક પ્રકારની દિવ્યાંગતામાં નાણાંકીય સહયોગ રૂ.૧0000 સુધીનો તેમજ સાધન સામગ્રીનો ખર્ચ રૂ.૨0000 થતો હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીઓ માટે રૂ.૧૨000 સુધીનો રહેશે આ ઉપરાંત કોચલીયર

ઇમ્પાલન્ટ સિવાય રૂ.૨૦૦૦૦થી વધારે ખર્ચવાળી આઇટમો માટે આવક મર્યાદા ધ્યાનમાં લઇને સહાય માટેની માત્રતા અલગથી નક્કી કરવામાં આવશે. આ પ્રકારે સમિતીએ નક્કી કરેલ આઇટમો માટે કેન્દ્ર સરકાર ૫૦ ટકા ખર્ચ ભોગવશે અને બાકીના ૫૦ ટકા રકમ રાજ્ય સરકારે અથવા બિનસરકારી સંગઠને અથવા અન્ય કોઇ સંસ્થાએ અથવા ખુદ લાભાર્થીએ મંત્રાલયની પૂર્વ મંજુરી પ્રમાણે જુદા જુદા કેસ પ્રમાણે નક્કી કરાશે. આ યોજનાના કુલ બજેટના ૨૦ ટકા રકમ આના માટે અંકિત કરવામાં આવશે.

૩. કોચ લીયર ઇમ્પાલન્ટ

કોચ લીયર ઇમ્પાલન્ટ માટે કેન્દ્ર સરકારે ભોગવવાના એકમ દીઠ રૂ.૬,૦૦,૦૦૦ (છ લાખ) અંગે સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય આવા બાળકોની ભલામણ માટે દરેક ઝોનદીઠ રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાને માન્યતા આપશે આ ઉપરાંત મંત્રાલય એવી પણ સંસ્થાઓને માન્યતા આપશે જ્યાં આવી સર્જરી કરી શકાય. આ યોજના નીચે કોચલીયર ઇમ્પાલન્ટ માટે દર વર્ષ ૫૦૦ બાળકોને આવરી લેવા માટે મંત્રાલય યોગ્ય સંસ્થાને માન્યતા આપશે. આ માટેની આવક મર્યાદા અન્ય પ્રકારના સાધન સામગ્રી માટે ઠરાવવામાં આવી તે પ્રકારની રહેશે.

નોંધ – વર્ષ ૨૦૧૪-૧૫થી લાભાર્થીઓને આધાર નંબર અથવા રેશનકાર્ડથી અથવા મતદાતા ઓળખ પત્રથી અને ૨૦૧૫-૧૬થી આધારનંબરથી જોડવામાં આવશે.

<u>૭.૦૧</u> સહાય માટેની રકમ નીચે પ્રમાણે રહેશે

| કુલ આવક | સહાયની રકમ |
|---|---|
| ૧. માસિક રુપિયા ૧૫૦૦૦ સુધી | સાધનસામગ્રીની પુરેપુરી રકમ |
| ૨.માસિક રુપિયા ૧૫૦૦૧ થી રૂ.૨૦૦૦૦ | સાધનસામગ્રીની રકમના ૫૦ ટકા |

<u>૭.૦૨</u> દિવ્યાંગ વ્યક્તિઓને તેમજ એક એસ્કોર્ટ માટે વ્યક્તિદીઠ રુપિયા ૨૫૦ની મર્યાદામાં ગમે તેટલી સંખ્યામાં કેન્દ્રની નિમણુંક કરવાની હોય તો પણ બસ કે રેલ્વેના ભાડા પુરતુ અલગ મુસાફરી ખર્ચ માન્ય રહેશે લાભાર્થીએ પોતાના નિવાસસ્થાનથી સૌથી નજીકના પુનઃસ્થાપન કેન્દ્રની મુલાકાત લેવાની રહેશે. પૂર્વોત્તર પ્રદેશમાં જ્યાં સુધી આવી સુવિધાઓ ઉપલબ્ધ ન કરાય ત્યાં સુધી બહારના પ્રદેશમાં મુસાફરી કરવા માટેનો ખર્ચ માન્ય ગણાશે.

<u>૭.૦૩</u> મહિને રૂ.૧૫૦૦૦થી ઓછી આવક ધરાવતા દર્દીઓ માટે તેમજ તેમના સહાયક એસ્કોર્ટ માટે વધુમાં વધુ ૧૫ દિવસ માટે પ્રતિદીન રૂ.૧૦૦ લેખે રહેવા, જમવાનો ખર્ચ માન્ય ગણાશે આ ખર્ચ નીચેના માટે ગણવામાં આવશે.

૧. અસ્થિર વિષયક (અ) સુધારાત્મક સર્જરી (બ) કૃત્રિમ અવયવો / કેલીયર બેસાડવા માટે

૨. શ્રવણમંદ વ્યક્તિઓ – કાનના મોલ્ડીંગ બનાવવા અને ફીટ કરવા માટે

૩. દ્રષ્ટિહીન –મોતીયાના ઓપરેશ માટે અમલ કરતી સંસ્થાઓ શક્ય હોયત્યાં સુધી હોસ્પીટલ સાથે જોડાયેલી / ધર્મશાળાઓમાં રહેવાની અને જમવાની વ્યવસ્થા ગોઠવશે.

## ૮.00 સાધનસામગ્રીના પ્રકાર

દરેક પ્રકારની દિવ્યાંગતા માટે નીચેની સાધન સામગ્રી મંજુર કરાશે વળી, સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયે આ હેતુ માટે નક્કી કરેલ અન્ય આઇટમ પણ આપી શકાશે.

## ૮.0૧ અસ્થિ વિષયક દિવ્યાંગો

(અ) તમામ પ્રોસ્ટેથીક અને ઓર્થોથીક સાધનો – હલનચલનના સાધનો,સર્જીકલ બુટ વિગેરે એમસીઆર ચંપલ અને નિષ્ણાંત સમિતીએ ભલામણ કર્યા મુજબ રોજીંદાની જીવનની સુવિધા માટેની તમામ સામગ્રીઓ

(બ) યાંત્રિક, ટ્રાયસીકલ, વ્હીલચેર અને તીવ્ર વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ માટે એસસીઆઇ, મસ્કયુલર ડાઇસ્ટ્રોફી, સ્ટ્રોક શેરીબલ પાલ્સી, હેમીપેબીજીયા તેમજ અન્ય સ્થિતી ધરાવતી વ્યક્તિઓ માટે જ્યાં 0૩ કે 0૪ અંગો ક્ષતિગ્રસ્ત હોય અથવા અડધુ શરીર ક્ષતિગ્રત હોય તે કિસ્સામાં સહાય રૂ.૨૫000 ની મર્યાદામાં રહેશે આવી સહાય ૧૮ વર્ષ કે તેથી મોટી ઉંમરની વ્યક્તિને ૧૦ વર્ષમાં એક વખત ચુકવાશે.

## ૮.0૨ બધીર, અંધ અને અન્ય ક્ષતિ સાથેની અંધત્વ તેમજ દ્રષ્ટિહિનતા

(૧) ૧૮ વર્ષ કે તેથી મોટી ઉંમરના દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે મોબાઇલ ફોન તેમજ લેપટોપ અને બ્રેઇલ નોટબુક દર પાં વર્ષે એક વખત અને ધોરણ-૧૦થી ઉપરના વિદ્યાર્થીઓ માટે બ્રેઇલીયર ૧૦ વર્ષમાં એક વખત

(૨) શિખવાના સાધનો

(૩) બ્રેઇલ લખવાના સાધનો.

(૪) વાતચીતના સાધનો-બ્રેઇલ એસેસમેન્ટ, બધીર અંધવ્યક્તિઓ માટે

(૫) અલ્પદ્રષ્ટિ વિષયક સાધનો

(૬) હલનચલન માટેના ખાસ સાધનો જેમ કે વોકર તેમજ નિષ્ણાંત સમિતીએ વખતોવખત ભલામણ કરી હોય તે મુજબના સાધનો

**૮.૦૩ શ્રવણમંદ**

(૧) શ્રવણમંદ વ્યક્તિઓ બીટીઇ સહિતના હીયરીંગ એઇડ

(૨) શૈક્ષણિક સાધનો

(૩) સહાયક અને એલાર્મ સાધનો

**૮.૦૪ મંદબુદ્ધિવાળી વ્યક્તિઓ**

નિષ્ણાત સમિતીએ વખતોવખત ભલામણ કરી હોય તે મુજબના યોગ્ય શૈક્ષણિક સાધનો.

**૮.૦૫ બહુવિધ દિવ્યાંગતા અને પુષ્ઠ રોગમાંથી સાજા થયેલ વ્યક્તિઓ**

નિષ્ણાંત સમિતીએ વખોતવખત ભલામણ કરી હોય તે મુજબના સાધનો

**૮.૦૬ સાધનસામગ્રીમાં સમાંયતરે ફેરફાર**

દિવ્યાંગતા સંબંધિત વિભાગ દ્વારા આર્થિક બાબતોની કેબીનેટ કમિટીની મંજુરી મેળવ્યા વિના ઉપરની સાધન સામગ્રીમાં સમાયાંતરે ફેરફાર કરી શકાશે પરંતુ તે માટે નિયત કરવામાં આવેલ આર્થિક મર્યાદાને વળગી રહેવામાં આવશે. આ ઉપરાંત આ વિભાગ યોજનાના હેતુઓ અને ઉદ્દેશોને અનુકુળ માર્ગદર્શિકા જાહેર કરી શકાશે.

**૮.૦૭ સંશોધન અને વિકાસ**

અંદાજપત્રની ૧ ટકા રકમ સાધન સામગ્રીના સંશોધન પાછળ તેમજ આઇએસઆઇના સમકક્ષ ધોરણો સંબિધત આંતરરાષ્ટ્રીય માન્યતા મેળવવા પાછળ ખર્ચવી જોઇએ આ અંગે વિભાગની નિષ્ણાંત સમિતી વખતોવખત વિગતો નક્કી કરશે.

**૯.૦ અમલીકરણ કરતી સંસ્થાએ ગ્રાન્ટ મેળવવા માટેની કાર્યપદ્ધતિ**

સંસ્થાઓ નિયત નમુના પત્રક (બિડાણ ૧ અને ૨ ) માં નવા કેસ બાબતે સંબંધિત રાજ્ય સરકાર મારફતે દિવ્યાંગતા સંબંધિત વિભાગને તેમજ ચાલુ કેસોમાં રાજય સરકાર મારફતે દિવ્યાંગતા સંબંધિત વિભાગ હેઠળના રાષ્ટ્રીય સંસ્થાને અરજી મોકલશે

આ અરજી પત્રકની સાથે નીચેના દસ્તાવેજો / માહિતી મોકલવાના રહેશે

એ. દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓ ( સમાનતક હક્કોનું રક્ષણ અને સંપૂર્ણ ભાગીદારીતા) અધિનિયમ, ૧૯૯૫ની કલમ ૫૧,૫૨નું નોંધણી પ્રમાણપત્ર

બી. મંડળીઓના નોંધણી અધિનિયમ ૧૮૬૦ હેઠળ નોંધણી પ્રમાણપત્ર અથવા ચેરીટેબલ ટ્રસ્ટ અધિનિયમ હેઠળના નોંધણી પ્રમાણપત્રની નકલ.

સી. સંસ્થાના વ્યવસ્થાપક મંડળના સભ્યોના નામ અને વિગતો ( બિડાણ ૩ )

ડી. સંસ્થાના નિયમો, હેતુઓ અને ઉદ્દેશોની નકલ

ઇ. ઓડીટ કરેલા હિસાબોની પ્રમાણિત નકલ અને આગલા વર્ષના વાર્ષિક અહેવાલની નકલ (જેમાં દર્શાવેલુ હોય કે સંસ્થા આર્થિક રીતે સદ્ધર છે)

એફ. અમલ કરતી સંસ્થા આ નિયમ નીચે જો ગ્રાન્ટ મેળવતી હોય તો તે સંસ્થાને આગલા વર્ષે પ્રાપ્ત થયેલ ગ્રાન્ટમાંથી જે લાભાર્થીને સહાય કરી હોય તેની યાદી બિડાણ ૪ના નમુના મુજબ રજુ કરવી અને એકસેલ પ્રોગ્રામમાં સીડી મોકલવી અને તેનો સારાંશ બે પાનામાં નક્કર કોપીમાં રજુ કરવો.

જી. નમુના પ્રમાણે ઉપયોગીતા પ્રમાણપત્ર રજુ કરવુ.

એચ. અમલ કરતી સંસ્થાઓ તેમને આપવામાં આવેલ સહાયક સાધનોને એક વર્ષ સુધી મફતમાં નિભાવ કરી આપશે.

આઇ. સંસ્થા અનુસુચિત જાતિ, અનુસુચિન જનજાતી અન્ય પછાત વર્ગ તેમજ દિવ્યાંગ વ્યક્તિઓને ભારત સરકારે વખતોવખત જારી કરી હોય તેવી સુચના અનુસાર પોતાના કર્મચારીઓને જો તેમની સંખ્યા ૨૦ નિયમીત કરતા વધતી હશે તો અનામતનો લાભ આપશે અમલીકરણ કરતી સંસ્થાએ વેબસાઇટ નિભાવવી પડશે અને પોતાને મળતી ગ્રાન્ટની વિગતો તેનો ઉપયોગ લાભાર્થીઓની યાદી તેમના ફોટો, રેશનકાર્ડ નંબર, મતદાતા ઓળખ પત્ર નંબર જે લાગુ પડતુ હોય તે અપલોડ કરશે.

## ૧૦.૦ ભલામણો

રાજ્ય સરકાર /રાષ્ટ્રીય સંસ્થાના મંત્રાલય અધિકૃત કરેલ અન્ય સંસ્થાએ દિવ્યાંગતા સંબંધિત વિભાગને પોતાની ભલામણો મોકલવી. પરંતુ રાષ્ટ્રીય સંસ્થાનો એએલઆઇએમસીઓ અને સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળની સંસ્થાઓની બાબતે આવી ભલામણો મોકલવાની જરુર નથી.

## ૧૧.૦ ગ્રાન્ટની મંજુરી અને ફાળવણી

અમલીકરણ કરતી સંસ્થાઓને રાજય સરકારની / રાષ્ટ્રીય સંસ્થાની દિવ્યાંગતા સંબંધિત વિભાગે અધિકૃત કરેલ સંસ્થાની ભલામણો મળતા જે તે નાણાંકીય વર્ષ માટે ગ્રાન્ટ મંજુર કરવામાં આવશે તે પછીના નાણાંકીય સહાય સુચિત કર્યા પ્રમાણેના ઉપયોગીતા પ્રમાણપત્ર મળ્યાબાદ મંજુર કરવામાં આવશે.

અમલકરતી સંસ્થા માટે ત્રાહીત સંસ્થા દ્વારા મુલ્યાંકન કરાશે વળી, નિષ્ણાંત સમિતી પણ સુનિયત્રંણ સમિતી તરીકે કાર્ય કરશે અને ત્રાહીત મુલ્યાકંન એજન્સીને નિમણુંક કરશે. આ સમિતી ઓછામાં ઓછુ વર્ષમાં ૨ વાર મળશે

**૧૧.૧ ભલામણ કરતી સંસ્થા**

અમલ કરતી સંસ્થાએ કરેલી ગ્રાન્ટના ઉપયોગની અને લાભાર્થીઓની નમુનારુપ ચકાસણી કરશે અને ચકાસણીમાં ઓછામાં ઓછા પંદર ટકાને આવરી લેવાશે. જે ગ્રાન્ટ મેળવતી સંસ્થાને ગ્રાન્ટની રકમ દસ લાખ રુપિયા કરતા વધારે હશે તેને આ ચકાસણી દસ ટકા પૂરતી મર્યાદીત હશે

**૧૧.૨** જો ગ્રાન્ટની રકમ રુપિયા દસ લાખ કરતા ઓછી હશે તો એક જ હપ્તામાં છુટી કરાશે જો કે આ મર્યાદા દિવ્યાંગતા સંબંધિ વિભાગની મંજુરીથી યોજાતી ખાસ શિબીરોને લાગુ પડશે નહી પ્રથમ અને બીજા હપ્તાની રકમ વિભાગ સામાન્ય નાણાંકીય વિભાગોની જોગવાઇઓને ધ્યાનમાં રાખીને તેમજ સંકલિત નાણાં વિભાગ સાથે ચર્ચા કરીને નક્કી કરાશે.

**૧૧.3** અમલ કરતી સંસ્થા તેમને મળેલ ગ્રાન્ટમાંથી પાંચ ટકા રકમનો ઉપયોગ જાગૃતિ ફેલાવવા માટે, સમીક્ષા માટે અને શિબીરોના ફોલોઅપ માટે વહીવટી ખર્ચ માથાદીઠ ખર્ચ તરીકે કરશે

**૧૨.0 સહાયની શરતો**

(૧) અમલ કરતી સંસ્થા, લાભાર્થીઓની માસીક આવક બાબતે સંબંધિત સક્ષમ સત્તા તંત્ર પાસેથી પ્રમાણપત્ર મેળવશે.

(૨) અમલ કરતી સંસ્થા બિડાણ છ અનુસારના નિયતનમુનામાં યોજના અંતગર્ત સહાય લાભાર્થીઓનું રજીસ્ટર નિભાવશે.

(3) અમલ કરતી સંસ્થા આ યોજના અંતગર્ત સામાજીક ન્યાય અને અધિકારીકતા મંત્રાલય પાસેથી મળેલા નાણા ભંડોળ તેમજ તેના કરેલા ઉપયોગ અંગેના હિસાબો અલગથી નિભાવશે આ નાણાં ભંડોળ જુદા બેંક ખાતામાં રાખીને એડીઆઇપી યોજના નીચે તેનુ સંકલન કરી યોગ્ય રીતે ચાર્ટડ એકાઉન્ટન્ટ પાસે તેને પ્રમાણિત કરાવાનું રહેશે.

(૪) આ નાણાં ભંડોળનો ઉપયોગ કરવામાં આવ્યો હોવા અંગે અમલ કરતી સંસ્થા વડા પ્રમાણપત્ર આપશે બિડાણ ૪માં દર્શાવેલ નમુના અનુસાર લાભાર્થીઓની યાદી તેમજ સંસ્થા દ્વારા સહાય મંત્રાલયો ચુકવેલ ગ્રાન્ટનો ઉપયોગ કર્યો હોવાનો પ્રમાણપત્ર, એક્સેલ પ્રોગ્રામમાં ફકરા નં.૯માં સુચિત કરેલ સીડી સ્વરુપે વાર્ષિક અરજી કરતી વખતે રજુ કરવાનો રહેશે

(૫) નાણાકીય વર્ષ માટેના અંતિમ હિસાબો ઉપયોગીતા પ્રમાણપત્ર તેમજ ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા સહી કરાવેલ ઓડિટેડ હિસાબો નાણાંકીય વર્ષ પુરૂ થયાના છ માસની અંદર બિલ અને વાઉચરની સાથે રજુ કરવાના રહેશે.

(૬) અમલ કરતી સંસ્થા લાભાર્થી પાસેથી એ મતલબનું ખાત્રી પત્રક લખાવી લે શે કે તેમણે છેલ્લા ૩ વર્ષ દરમ્યાન કોઇ પણ સંસ્થા પાસેથી કોઇ પણ પ્રકારની સહાય પ્રાપ્ત કરેલ નથી તેમજ તેમને મેળવેલ સાધન સામગ્રીનો તેઓ પોતે જ નિયતસર ઉપયોગ કરશે.

(૭) અમલકરતી સંસ્થા, કેન્દ્રીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા અધિકૃત કરાયેલ અધિકારી /ત્રાહીત પક્ષ દ્વારા નીરીક્ષણ માટે ખુલ્લી રહેશે અથવા રાજ્ય સરકાર / નેશનલ ટ્રસ્ટ / ડીઆરસી દ્વારા નિરીક્ષણ માટે ખુલ્લી રહેશે

(૮) જ્યારે ભારત સરકારને એમ માનવા માટે કારણ હોય કે ગ્રાન્ટનો ઉપયોગ મંજુર કરવામાં આવેલ હેતુ માટે થતો નથી તો અમલ કરતી સંસ્થા પાસેથી ગ્રાન્ટની રકમ વ્યાજ સાથે પરત મેળવવામાં આવશે અને તે સંસ્થાને ફરી વખત સહાય ચુકવવામાં આવશે નહી. મંત્રાલય આવી સંસ્થાને બ્લેક લીસ્ટમાં મુકવાને તેમજ તેની સામે કાયદાનુસાર કામ ચલાવવાનો અખતીયાર છે.

(૯) અમલ કરતી સંસ્થાઓ આ યોજના અંતગર્ત કોઇ પણ જાતની જવાબદારી સ્વીકારશે નહી સિવાય કે તેમને ગ્રાન્ટની રકમ મંજુર કરવામાં આવી હોય અલબત કોઇ અમલ કરતી સંસ્થા જેને સ્વીકૃત ધારા ધોરણો અને યોજનામાં નિયત કરેલ ખર્ચ મર્યાદાની અંદર અધિકૃત સાધન સામગ્રીનું વિતરણ કર્યુ હોય અને જે અંગેના ધિરાણ માટે ચાર્ડટ એકાઉન્ટન્ટે પ્રમાણપત્ર આપ્યુ હોય અને તે રકમની લેવડદેવડ જુદા ખાતામાં અગાઉના વર્ષની ગ્રાન્ટ ની રકમની મર્યાદામાં રહેલી હોય તો તેવી જવાબદારી સ્વીકારીએ છીએ પરંતુ આવી ધિરાણની રકમ ઉપર વ્યાજનો બોજો દિવ્યાંગતા સંબંધિત વિભાગ ભોગવશે નહી

(૧૦) સરકારના ધારાધોરણો અનુસાર આ યોજનામાં લાભાર્થીઓના અનુસુચિત જાતિ / અનુસુચિચ જનજાતિ પછાત વર્ગના લાભાર્થીઓને અનામતનો લાભ આપવાનો રહેશે તેમજ કુલ લાભાર્થી પૈકી ૨૫ ટકા લાભાર્થીઓ બાલીકાઓ કે મહિલાઓ હોવી જોઇએ

(૧૧) તમામ શિબીરોમાં, યોજનામાં અને તેની હેઠળ મળેલી સહાયની સંપૂર્ણ વિગતો પ્રદર્શિત કરવાની રહેશે તેમજ આ મંત્રાલયની વેબસાઇટ www.socialjustice.nic.in ઉપર પણ તે પ્રદર્શિત કરવાની રહેશે શિબીરના ફોટાઓ અમલીકરણ કરતી સંસ્થાની વેબસાઇટ ઉપર અપલોડ કરવાના રહેશે.